## :– આંક–૧ લગત ચુકાદો –:
## ગુનો : રેલ્વે એકટ મુજબ

**૧.** આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ રેલવે એકટની જોગવાઈ મુજબ ફરિયાદમાં જણાવ્યા મુજબ ગુનો કરેલ છે.

**૨.** આરોપીને ભા.ના.સુ.સં.૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી છે. આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી,સંભળાવી, સમજાવતા આરોપીએ તેઓની વિરુધ્ધ નાગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે. આરોપીએ જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓનો આ પહેલો ગુનો છે જેથી ઓછામાં ઓછી સજા/દંડ કરવા વિનંતી કરી છે.

**૩.** આરોપીની આર્થિક સ્થિતિ, કોર્ટ સમક્ષની કબૂલાત, ગુનાની ગંભીરતાં લક્ષમાં લીધા. તેમનો આ પ્ર થમ વખત નો ગુનો છે તેવું આરોપીએ જણાવેલ છે. **નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરભાઈ હરીચંદજી ઠાકોર** ના કેસમા સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે કે, જોપુરતા અને વ્યજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ કાયદામાં નકકી કરેલી જોગવાઈ કરતા પણ ઓછામા ઓછી સજા અને દંડ કરવાની મેજીસ્ટ્રેટને સત્તા છે. આમ સદરહુ ચુકાદાના પાના નંબર ૭૨૧, પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો હાલના આરોપીના કેસને મદદરૂપ થતો હોઈ તેમ જણાઈ છે તેવું આ કોર્ટનું નમ્ર પણે માનવું છે. જેથી આરોપીની આર્થિક સ્થિતિ, સંજોગો, ગુનાની ગભીરતા તથા **એન.સી. પ્રકારનો ગુનો છે** તે ધ્યાને લઈ કાયદાએ સુચવેલ મહત્તમ સજા કરતા ન્યુનતમ સજા કરવા માટેના વ્યાજબી અને વિશીષ્ટ કારણો જણાઈ છે જેથી ઓછામા ઓછી સજા તથા દંડ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

## –:હુકમ:–

- તહોમતદારને રેલવે એકટ, ૧૯૮૯ મુજબના ગુનામાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૫ મુજબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને રૂ.૧૦૦/– (અંકે રૂા એક સો પૂરા) નો દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાહુકમ કરવામા આવે છે.

- આજરોજની સ્પે.સીટીંગમાં આ હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ

તારીખ : ૦૮/૦૩/૨૦૨૫

**(મૈનાક બીપીનચંદ્ર રાવલ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
રાજકોટ
**U.I.C. NO. GJ01757**